
# નોવેલ ‘નીલાંબરી’ના કોર્ટ કેસથી બની ‘દો રાસ્તે’?





મુવિયાના

જો તમે 70ના દાયકાના ગોલ્ડન એરા અને બોલિવૂડની આઈકોનિક ફિલ્મોના ફેન છો, તો 1969માં આવેલી ‘દો રાસ્તે’નું નામ ચોક્કસ સાંભળ્યું હશે. રાજેશ ખન્ના અને મુમતાઝની સુપરહિટ જોડી, બિંદુનો ગ્લેમરસ-વેમ્પ અવતાર અને બિંદિયા ચમકેગી જેવું એવરગ્રીન ગીત! પણ શું તમને ખબર છે કે આ બ્લોકબસ્ટર ફિલ્મ પાછળ કેટલાય ડ્રામા, કેસ અને મજેદાર કિસ્સાઓ છુપાયેલા હતા?

‘દો રાસ્તે’ ફિલ્મ કોઈ ઓરિજિનલ સ્ક્રિપ્ટ પર નહીં, પણ ગોવાના રાઈટર ચંદ્રકાંત કાકોડકરની 1962ની મરાઠી નોવેલ ‘નીલાંબરી’ પર આધારિત હતી. 1962માં તેમણે ‘શ્યામા’ નામની એક વાર્તા પણ લખી હતી, જેના પર અશ્લીલતાનો આરોપ લાગ્યો અને મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો! કાકોડકરે પોતે આ કેસ લડ્યો અને 1969માં તેઓ નિર્દોષ છૂટ્યા. મજાની વાત એ છે કે આ કેસ પૂરો થયાના 4 મહિના પછી જ આ નોવેલ પરથી બનેલી ફિલ્મ ‘દો રાસ્તે’ રિલીઝ થઈ અને સુપરહિટ ગઈ!

ડિરેક્ટર રાજ ખોસલાનો એક કડક નિયમ હતો કોઈ પણ એક્ટરનો શોટ કેમ ન હોય, તેને સેટ પર હાજર રહેવું જ પડે! શૂટિંગના પહેલા જ દિવસે રાજેશ ખન્ના પોતાના મેકઅપ રૂમમાં આરામ કરતા હતા. આસિસ્ટન્ટે આવીને કહ્યું કે રાજ સાહેબ સેટ પર બોલાવે છે. રાજેશ ખન્નાને ગુસ્સો આવ્યો પણ જ્યારે તેઓ સેટ પર ગયા, ત્યારે રાજ ખોસલાએ સામે જોયા વિના કેમેરા પાસે ઊભા રહીને કહ્યું, ત્યાં ખુરશી પર બેસી જાવ! પાછળથી કાકાને સમજાયું કે આનાથી દરેક કેરેક્ટરનો વાઈબ અને સ્ટોરી લાઈન કેટલી સરસ રીતે સમજી શકાય છે!



બિંદુ મનોમન એક્ટિંગ છોડવાનું વિચારી ચૂક્યા હતા, પણ કિસ્મતને કંઈક બીજું જ મંજૂર હતું! એકવાર લક્ષ્મીકાંત-પ્યારેલાલના સ્ટુડિયોમાં જમવાનું મોડું થતાં બિંદુ ત્યાં પહોંચ્યા, ત્યાં રાજ ખોસલાની નજર બિંદુ પર પડી અને તેમણે સીધું જ પૂછી લીધું મારી આગામી ફિલ્મમાં ‘નીલાંબરી’ (જે પાછળથી ‘દો રાસ્તે’ બની)નો મેઈન નેગેટિવ રોલ કરશો? સ્ક્રીન ટેસ્ટ થઈ અને બિંદુ આખી ફિલ્મ પર છવાઈ ગયા!

**રાજ ખોસલાની નજર બિંદુ પર પડી અને તેમણે સીધું જ પૂછી લીધું મારી આગામી ફિલ્મમાં ‘નીલાંબરી’નો મેઇન નેગેટિવ રોલ કરશો?**

આજે બોલિવૂડના દિગ્ગજ ડિરેક્ટર ગણાતા મહેશ ભટ્ટ તે સમયે રાજ ખોસલાના આસિસ્ટન્ટ હતા. આ પહેલા રાજ ખોસલાની ‘અનિતા’ ફ્લોપ થઈ હતી અને ‘ચિરાગ’ પણ એવરેજ રહી હતી, જેથી તેમની પાસે પૈસાની ભારે તંગી હતી. 5 ડિસેમ્બર 1969ના દિવસે ફિલ્મ રિલીઝ થઈ. રોયલ ઓપેરા હાઉસ બહાર મહેશ ભટ્ટ ઊભા હતા. સામેના રક્સી સિનેમામાં રાજેશ ખન્નાની જ ‘આરાધના’ હાઉસફુલ ચાલી રહી હતી! સિનેમાના સ્ટાફે મહેશ ભટ્ટને કહ્યું, સામે આરાધનાની ભીડ જુઓ, આ ‘દો રાસ્તે’ તો ડૂબવાની છે. આ સાંભળી મહેશ ભટ્ટ થિયેટર બહાર જ રડી પડ્યા હતા! જોકે, એક જ અઠવાડિયામાં વર્ડ-ઑફ-માઉથથી ફિલ્મ પિકઅપ પકડી ગઈ અને 50 અઠવાડિયા સુધી ચાલીને ગોલ્ડન જુબિલી બની ગઈ!

પહેલાં રાજ ખોસલાએ ફિલ્મનો એન્ડ એકદમ ઈમોશનલ રાખ્યો હતો જેમાં મા-દીકરાનો લાંબો ડાયલોગ હતો, પણ ઓડિયન્સનો થકાઉ રિસ્પોન્સ જોઈને ખોસલા એક્ટ્રેસ સાધના પાસે ગયા. સાધનાએ સવારે ઘરે આવીને કહ્યું એન્ડિંગ બદલી નાખો અને છેલ્લે ‘બિંદિયા ચમકેગી’ ગીતનો નાનો હિસ્સો મૂકી દો! રાજ ખોસલાએ એવું જ કર્યું. ઈમોશનલ સીન કાઢીને ગીત મૂકતાં જ થિયેટરમાં પ્રેક્ષકો ખુશીથી ઝૂમી ઊઠ્યા!



રાજ ખોસલાની મમ્મીએ તેમના જીવનમાં જોયેલી આ એકમાત્ર ફિલ્મ હતી. ફિલ્મનું આઈકોનિક સોંગ બિંદિયા ચમકેગી રાજ ખોસલાની માતા તેમને બાળપણમાં સંભળાવતા પંજાબી ફોક ટ્યુન પરથી જ બનાવવામાં આવ્યું હતું!

આવી મનોરંજક વાતો અને બિહાઈન્ડ ધ સીન્સ જ 60 અને 70ના દાયકાના સિનેમાને આજે પણ જીવંત રાખે છે! ●

# જેને જોઈને દર્શકો ટીવી બંધ કરી દેતા!

લેજન્ડ

ઇન્ડિયન સિનેમામાં એવા કેટલાય એક્ટર્સ આવ્યા જેમણે પડદા પર નેગેટિવ રોલ્સ પ્લે કરીને દર્શકોનો નેક્સ્ટ લેવલનો ગુસ્સો ફેસ કરવો પડ્યો હતો. 70 અને 80ના એરામાં જ્યારે પણ કોઈ સસ્પીશિયસ કેરેક્ટર, ચાલબાજ મુનીમ કે લાલચી લાલાજીની વાઈબની જરૂર પડતી, ત્યારે ડિરેક્ટર્સની નંબર વન ચોઈસ અને ગો-ટુ પર્સન એટલે ચંદ્રશેખર દુબે!

પરંતુ, સ્ક્રીન નેગેટિવ કેરેક્ટર કરનાર આ અદાકારનું વાસ્તવિક જીવન રસપ્રદ, પ્રેરણાદાયી અને મજેદાર કિસ્સાઓથી ભરેલું હતું. ચાલો જાણીએ ચંદ્રશેખર દુબેના જીવનના કેટલાક મજેદાર અને અજાણ્યા કિસ્સાઓ.

લોકો તેમને હિન્દી ફિલ્મોના મહા-લાલચી તરીકે ઓળખે છે, પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે ચંદ્રશેખર રિયલ લાઈફમાં સ્વતંત્રતા સેનાની હતા! 1942માં ‘હિંદ છોડો’ આંદોલન દરમિયાન માત્ર 18 વર્ષની કુમળી વયે તેઓ અંગ્રેજો સામે લડતમાં કૂદી પડ્યા હતા અને જેલ પણ ગયા હતા. જેલમાંથી છૂટ્યા પછી જ તેઓ મુંબઈ ગયા હતા.

**મુંબઈ આવ્યા પછી પણ ચંદ્રશેખરે સીધી એક્ટિંગ નહોતી મળી, પણ મશહૂર નિર્માતા-નિર્દેશક અમિય ચક્રવર્તીના સ્ટુડિયોમાં ઓફિસ બોય તરીકે કામની શરૂઆત કરી હતી!**

મુંબઈ આવ્યા પછી પણ તેમને સીધી એક્ટિંગ નહોતી મળી, પણ મશહૂર નિર્માતા-નિર્દેશક અમિય ચક્રવર્તીના સ્ટુડિયોમાં ઓફિસ બોય તરીકે કામની શરૂઆત કરી હતી! પોતાની નિષ્ઠાથી તેઓ પહેલાં પ્રોડક્શન મેનેજર બન્યા, પછી અસિસ્ટન્ટ ડિરેક્ટર અને બાદમાં 1952ની ફિલ્મ દાગમાં દિલિપ કુમાર સાથે એક્ટર તરીકે એન્ટ્રી મારી.

1975ની ફિલ્મ ઝિંદા દિલમાં તેમણે એક તકીયાકલામ વાપર્યો હતો ‘ઢક્કન ખોલ કે’. આ ડાયલોગ લોકોમાં એટલો સુપરહિટ થયો કે તેઓ રેડિયો શોમાં પણ દરેક વાક્યના અંતે રમૂજમાં ‘ઢક્કન ખોલ કે’ બોલતા હતા!

ફિલ્મોમાં તેમની ક્રૂર શૈલીથી લોકો નફરત કરતા, પરંતુ રેડિયોની દુનિયામાં તેમનો અવાજ જાદુઈ માનવામાં આવતો. વિવિધ ભારતીના અત્યંત લોકપ્રિય શો ‘હવા મહલ’ અને ‘ફૌજી ભાઈઓ’ માટે તેમણે વર્ષો સુધી વોઈસ એક્ટર તરીકે કામ કર્યું હતું. તેમની બોલવાની અનન્ય સ્ટાઈલના પ્રેમ ચોપરા જેવા દિગ્ગજ વિલન પણ ચાહક હતા.

ચંદ્રશેખરની એક્ટિંગ એટલી તીવ્ર અને વાસ્તવિક હતી કે જ્યારે ટીવી કે ટોકીઝમાં તેમનો કોઈ સીન આવતો, ત્યારે દર્શકો ગુસ્સામાં ગાળો આપવા લાગતા. એવું કહેવાય છે કે કેટલાક ઘરોમાં તો તેમના સીન વખતે લોકો ટીવી પણ બંધ કરી દેતા હતા! તે તેમની એક્ટિંગનું લેવલ હતું.

ફિલ્મોમાં વ્યાજખોર કે પૈસા માટે ગમે તેને છેતરતા વિલનની ભૂમિકા ભજવનાર દુબે અંગત જીવનમાં અત્યંત દયાળુ હતા. તેઓ પોતાની કમાણીનો એક મોટો હિસ્સો ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોના શિક્ષણ પાછળ ખર્ચતા હતા. ●



# પુષ્પાના તાલે ગણેશનો જાદુ!



પરદે કે પીછે

પુષ્પા માં અલ્લુ અર્જુનનો સ્વૅગ તો બધાએ જોયો, સમૅંથા રૂથ પ્રભુનું ‘Oo Antava’ પણ દેશભરમાં ગાજ્યું, પરંતુ આ ગીતની પાછળની કહાની સાંભળશો તો લાગશે કે બોલિવૂડનો કોઈ મસાલા ફિલ્મનો સીન ચાલી રહ્યો છે! કારણ કે આ ગીત ગણેશ આચાર્ય સુધી પહોંચ્યું ત્યારે સમય એટલો ઓછો હતો કે તેમના માટે ડાન્સ કરતાં પહેલાં હોસ્પિટલનો પ્રશ્ન ઊભો હતો.

‘પુષ્પાઃ ધ રાઈઝ’ રિલીઝ થવાની તૈયારીમાં હતી. ગણેશ આચાર્યની બીજા જ દિવસે મોતિયાની સર્જરી નક્કી હતી. ત્યારે અલ્લુ અર્જુને તેમને ફોન કર્યો ‘માસ્ટરજી, એક ગીત કરવાનું છે.’ ગણેશે કહ્યું કે સમય બહુ ઓછો છે અને સર્જરી પણ છે. પરંતુ મેકર્સને ગણેશ જ જોઈએ હતા. ડોક્ટર સાથે વાત થઈ, સર્જરીની તારીખ આગળ ધપાવવામાં આવી અને ગણેશ સીધા ગીતના કામે લાગી ગયા!

હવે બીજી મુશ્કેલી સામંથાએ આ પહેલાં ક્યારેય આવું સ્પેશિયલ ડાન્સ નંબર કર્યું નહોતું અને ગીત પણ અચાનક પ્લાન થયું હતું. એટલે તેમની પાસે લાંબી તૈયારીનો સમય નહોતો. ગણેશે સામંથા અને અલ્લુ અર્જુન સાથે માત્ર બે દિવસ રિહર્સલ કર્યું અને પછી કેમેરા સામે ગીત શૂટ થઈ ગયું. ગણેશે પહેલીવાર સામંથાને કોરિયોગ્રાફ કરી હતી અને તેઓ ઈચ્છતા હતા કે ગીતમાં સામાન્ય ‘આઈટમ સોંગ’વાળો અંદાજ નહીં, પરંતુ અલગ એટિટ્યૂડ દેખાય.

**એક તરફ સર્જરીની તારીખ આગળ ધપાવી, બીજી તરફ બે દિવસમાં ગીત તૈયાર કર્યું અને પછી એવો સ્ટેપ આપ્યો કે આખું સોશિયલ મીડિયા નાચી ઊઠ્યું આને કહેવાય સાચો ‘માસ્ટરજી’ સ્વૅગ!**

પછી આવ્યો એ સ્ટેપ, જે આખા ગીતની ઓળખ બની ગયો ‘પિંચ મૂવ’. ગણેશના કહેવા પ્રમાણે તેમના દરેક ગીતમાં એક યાદ રહી જાય એવો હૂક સ્ટેપ હોય છે. ‘Oo Antava’માં તેમણે અલ્લુના પાત્રને ધ્યાનમાં રાખીને સ્ટેપ બનાવ્યો.

સેટનો માહોલ પણ એટલો જ મજેદાર હતો. ગણેશ જ્યારે સમૅંથા અને અલ્લુને સ્ટેપ સમજાવતા હતા ત્યારે બંને હસી પડ્યા હતા. રિહર્સલ દરમિયાન અલ્લુએ ગણેશની ટાઈમિંગની પ્રશંસા કરી અને સામંથાએ પણ ‘કમાલ માસ્ટર’ કહીને દાદ આપી હતી.

‘પુષ્પા 2’માં પણ ગણેશની જોડી અલ્લુ સાથે ચાલુ રહી. ‘Sooseki’માં તેમનો ફોકસ એકદમ અલગ હતો. આ વખતે તેમને એવો હૂક સ્ટેપ બનાવવો હતો જે કપલ્સ પણ સરળતાથી કરી શકે. એટલે સ્ટેપ સરળ રાખ્યો, પણ અલ્લુનો સ્વેગ અને પુષ્પાનો સિગ્નેચર દાઢી પર હાથ ફેરવવાનો મૂવ તેમાં જોડી દીધો. ગીતનું શૂટિંગ 7-8 દિવસ ચાલ્યું અને તેમાં 500-600 ડાન્સર્સ સામેલ થયા.

ગણેશ અને અલ્લુની કેમિસ્ટ્રીનું રહસ્ય પણ અહીં જ છે. ગણેશ કહે છે કે અલ્લુ કોરિયોગ્રાફરની વાત ઝડપથી સમજી જાય છે અને નાના સ્ટેપ્સ તથા એક્સપ્રેશન્સ પર પણ ધ્યાન આપે છે. બદલામાં અલ્લુને ગણેશ પાસેથી જોઈએ છે ‘બોલિવૂડ તડકા’!

એટલે ‘પુષ્પા’માં અલ્લુ અર્જુન ભલે પડદા પર ‘રૂલ’ કરે, પરંતુ કેમેરા પાછળ ગણેશ આચાર્યનો હૂક સ્ટેપ પણ ઓછો પાવરફુલ નહોતો. એક તરફ સર્જરીની તારીખ આગળ ધપાવી, બીજી તરફ બે દિવસમાં ગીત તૈયાર કર્યું અને પછી એવો સ્ટેપ આપ્યો કે આખું સોશિયલ મીડિયા નાચી ઊઠ્યું આને કહેવાય સાચો ‘માસ્ટરજી’ સ્વૅગ! ●